# થરાદ વિધાનસભા બેઠક પર પૂર્વ મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ ભર્યું ઉમેદવારી પત્ર

### સાંસદ પરબતભાઈ પટેલ અને માવજીભાઈ પટેલ સહિત અનેક ટેકેદારોની હાજરી

પાલનપુર તા.૧૪

બનાસકાંઠા જિલ્લાના સહકારી આગેવાન અને બનાસ ડેરીના ચેરમેન તથા રાજ્ય સરકારના પૂર્વ મંત્રી શંકર ભાઈ ચૌધરીને ભારતીય જનતા પાર્ટી દ્વારા થરાદ વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરાવતા સમગ્ર પંથકમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી. ટિકિટો જાહેર કર્યા અગાઉ થરાદ બેઠક માટે સ્થાનિક ઉમેદવાર ની કાર્યકર્તાઓ દ્વારા જોરદાર માંગ કરવામાં આવી હતી. પેટા ચૂંટણીમાં ભાજપને હરાવી કોંગ્રેસે આ બેઠક આંચકી લીધી હતી. ફરી પાછી આ બેઠક ઉપર કેસરિયો લહેરાવવા શંકર ચૌધરી ઉપર પાર્ટી એ કળશ ઢોળી થરાદ અને વાવ સહિત જિલ્લાની નવે નવ બેઠકો જીતવા માઈક્રો પ્લાનિંગ કરાયું છે.

આજે ઉમેદવારી પત્ર ભરવા જતા બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલ ભાજપ અગ્રણી માવજીભાઈ પટેલ બનાસ બેંકના ડિરેક્ટર અને સાંસદ પુત્ર શૈલેષભાઈ પી. પટેલ સહિત શહેર અને તાલુકા ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. થરાદ પ્રાંત અધિકારી દ્વારા સ્થાનિક પત્રકારોને સંકર ચૌધરી ઉમેદવારી પત્ર ભરવા જતા અંદર ફોટોગ્રાફ્સ અને વિઝ્યુઅલ લેવા જનારા મીડિયા ટીમને અટકાવતા પત્રકારોમાં રોષ ફેલાયો હતો. જોકે ભાજપને ઉમેદવાર શંકરભાઈ ચૌધરીએ મારી સામે જોજો કંઈ કરતા નહીં. હું ફોટોગ્રાફસ અને વિઝ્યુઅલ આપને પહોંચાડી દેવાની વ્યવસ્થા કરાવું છું. તેમ કહેતા સ્થાનિક પત્રકારોને પ્રાંત અધિકારીને ચેમ્બરની બહાર રહેવા ના છૂટકે મજબૂર બનવું પડ્યું હતું. કોંગ્રેસ દ્વારા થરાદ બેઠક ઉપર સીટીંગ ધારાસભ્ય ગુલાબ સિંહ રાજપુત ને ફરી મેદાનમાં ઉતારતા ભાજપ કોંગ્રેસ અને આપનો ત્રિકોણીય જંગ ખેલાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.



### ૫૦૦૦થી વધુ કાર્યકરો સ્વયંભૂ ઉમટ્યા

# ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં હજારો કાર્યકરોની ઉપસ્થિતિમાં ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાએ દાવેદારી નોંધાવી

### રમણલાલ તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ....ના નારાથી ઈડરીયો ગઢ ગુંજ્યો

બાયડ, તા.૧૪

ઈડર વિધાનસભા મતક્ષેત્રના ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાએ સોમવારે બપોરે ૧૨-૩૯ શુભ મૂહર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કર્યું ત્યારે ઈડર શહેરમાં હૈયે હૈયું દળાય તેટલી કાર્યકરોની સ્વયંભૂ ભીડ જોવા મળી. રમણલાલ તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ..ના નારાથી કલાકો સુધી ઈડરીયોગઢ ગુંજી ઉઠ્યો હતો. પોતાની દાવેદારી નોંધાવ્યા પછી રમણલાલ વોરાએ પ્રજા અને મતદારોની જે લાગણી છે તે જોઈ ભવ્ય જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઈડર અને વડાલી વિસ્તારમાં અનેક સેવાકીય અને વિકાસના કામોના કારણે આ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરાની લોકપ્રિયતા આસમાને છે. વર્ષ-૨૦૧૭માં પક્ષ દ્વારા તેમને દસાડા ચૂંટણી લડવા માટે મોકલ્યા હતા. જ્યારે ઈડરમાં ભાજપે અન્ય ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા અને જીત થઈ પરંતુ ૫ વર્ષમાં સમગ્ર ઈડર વિધાનસભા મત વિસ્તાર નોંધારો થઈ ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી. પ્રજા, ખેડુતોના અનેક કામો અટવાઈ પડ્યા હતા. ધારાસભ્ય ન હોવા છતાં રમણલાલ વોરાએ ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં પાછલા ૫ વર્ષ દરમ્યાન વિકાસના અનેક કામો માટે દિવસ-રાત મહેનત કરી હતી. ખેડૂતોના સિંચાઈના પ્રશ્નો, પ્રજાના પીવાના પાણીના પ્રશ્નો ઉકેલવા માટે તેઓએ કરેલા સરાહનિય પ્રયાસોની મત વિસ્તારની પ્રજાએ નોંધ લીધી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં આ વિસ્તારની પ્રજા, આગેવાનો અને ભાજપના કાર્યકરોએ રમણલાલ વોરા સિવાય વાત નહીં..નો એક જ સૂર વ્યકત કર્યો હતો. આખરે હાઈકમાન્ડ દ્વારા લોક માંગણીને ધ્યાને રાખી રમણલાલ વોરાને ફરી એકવાર ઈડરીયોગઢ જીતવા માટે મેદાનમાં ઉતાર્યા છે. તા.૧૪ નવેમ્બરે શુભ મૂહર્તમાં ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કર્યું ત્યારે મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારા, જિલ્લા સંગઠન પ્રભારી ભરત આર્ય, જિલ્લા સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ, મહામંત્રી વિજય પંડ્યા, ઈડર તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ અશ્વિન પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ પ્રેમલ દેસાઈ, ઉપપ્રમુખ કનુભાઈ પટેલ સહિત સંગઠનના અન્ય હોદ્દેદારો, કાર્યકરો અને વિવિધ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



#### પ્રજાનો પ્રેમ મળ્યો છે તે જોતાં ભવ્ય જીત નિશ્ચિત – રમણલાલ વોરા

ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાએ જણાવ્યું કે આ વિસ્તારે મને પ્રતિનિધિત્વ કરવાની અનમોલ તક આપી છે. ફરી એકવાર ઈડરમાં કમળ ખીલવવા માટે પ્રદેશ અને કેન્દ્રીય નેતાગીરીએ મારા ઉપર વિશ્વાસ મૂક્યો છે તે બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી વગેરેનો આભાર માન્યો હતો અને જે રીતે પ્રજાનો અને ભાજપના કાર્યકરોનો પ્રેમ મને મળી રહ્યો છે અને ઉમેદવારીપત્ર રજૂ કરવા સમયે સ્વયંભૂ હજારો કાર્યકરો અને પ્રજાજનો ઉમટ્યા છે તે જોતાં ઈડર વિધાનસભા બેઠકમાં ભવ્ય જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

રમણલાલ વોરા ઉમેદવારીપત્ર રજૂ કરવા માટે પહોંચ્યા તે પહેલાં તેઓએ મત વિસ્તારના વિરપુર ગામમાં માં ઉમિયા મંદિરના દર્શન કરી વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા.

# પ્રાંતિજ - તલોદ વિધાનસભા ભાજપના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર વિજય મુહૂર્ત માં ઉમેદવારી ફોર્મ ભર્યું

### ભાજપ કાર્યકરો, આગેવાનો, સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં : ભાજપ કાર્યાલયથી તાલુકા સેવાસદન ખાતે રેલી સ્વરૂપે ફોર્મ ભર્યું

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર વિજય મુહૂર્ત મા આજે પોતાનુ ઉમેદવારી ફોર્મ ભરશે.

પ્રાંતિજ - તલોદ વિધાન સભા ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર તેવો પોતાનુ ઉમેદવારી ફોર્મ વિજય મુહૂર્ત ૧૨. ૩૯ કલાકે તેમના સમર્થકો ભાજપ કાર્યકરો આગેવાનો સાથે તાલુકા સેવાસદન ખાતે જઈ ને ઉમેદવારી ફોર્મ ભરશે તો ફોર્મ ભરતા પહેલા પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યાલય નુ ઓપનિંગ તથા ત્યારબાદ સમર્થકો અને ભાજપ આગેવાનો સાથે વિશાળ સંખ્યા મા રેલી સ્વરૂપે પ્રાંતિજ સેવાસદન ખાતે પહોંચી અને ૧૨.૩૯ વિજય મુહૂર્ત મા તેવો પોતાનુ ઉમેદવારી ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી હતી.



# રાજ’તિલક : મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર રીપિટ, બે ટર્મથી કોંગ્રેસના ધારાસભ્ય

મોડાસા, તા. ૧૪

વિધાનસભાની ચૂંટણીને લઈને મોડે મોડે કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી રહી છે ત્યારે રવિવારે પહેલા ૬ ઉમેદવારોની યાદી અને ગણતરીના કલાકો પછી બીજી ૩૬ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી, જેમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરનું નામ આવતા જ કાર્યકરોમાં ખુશી પ્રસરી હતી.

રવિવાર મોડી રાત્રે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરાના મોડાસા ખાતેના નિવાસસ્થાને કાર્યકરોનો જમાવડો જોવા મળ્યો હતો. જિલ્લા, તાલુકા અને ગ્રામ્યના આગેવાનો તેમના ઘરે પહોંચ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજેન્દ્રસિંહ ઠાકોરના પત્ની મેહુલાબહેને તેમનુ કુંમકુમ તિલક કરીને જીત માટેનું રાજતિલક કર્યું હતું.

રાજેન્દ્રસિંહ ઠાકોર વર્ષ ૨૦૧૨ માં પ્રથમવાર કોંગ્રેસે ટિકિટ આપી હતી તે સમય દરમિયાન ભાજપના સીટિંગ ધારાસભ્ય દીલપસિંહ પરમાર સામે જીત મેળવી હતી ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં ભાજપના ઉમેદવાર ભીખુસિંહ પરમાર અને કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર વચ્ચે સીધો જંગ હતો, તેમાં પણ રાજેન્દ્રસિંહ ઠાકોરની જીત થઈ હતી. હવે વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં પણ રાજેન્દ્રસિંહ ઠાકોરને કોંગ્રેસ પાર્ટીએ રીપિટ કરતા કાર્યકરો અને પરિવારજનોમાં ખુશી પ્રસરી હતી



### સર્વ શક્તિમાન લોકશાહી પર્વ વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અવસર

# જિલ્લા માહિતી કચેરી- હિંમતનગર ખાતે મીડિયા સેન્ટરને ખુલ્લુ મૂકતા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા સમાહર્તા હિતેષ કોયા

હિંમતનગર,તા. ૧૪

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ ના ઉપલક્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ચાર વિધાનસભા મતદાર વિભાગોમાં યોજાનાર ચૂંટણી માટે જિલ્લા માહિતી કચેરી-હિંમતનગર ખાતે મીડીયા સેન્ટરનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી હિતેષ કોયાના હસ્તે રીબીન કાપીને ઉદ્દઘાટન કર્યુ હતુ. વિધાનસભા ચૂંટણી દરમિયાન જિલ્લાના મિડીયાના પ્રતિનિધિઓને રોજબરોજની ચૂંટણીલક્ષી વિગતો નિયમિત રીતે ઉપલબ્ધ કરાવવા માટે ચૂંટણી પંચના નિર્દેશ અન્વયે મિડીયા સેન્ટરનો પ્રારંભ કરાયો છે. જિલ્લાની ચાર વિધાનસભામાં સમાવિષ્ટ મત વિસ્તારની આંકડાકીય રૂપરેખા મિડીયા સેન્ટરમાં પ્રદર્શિત કરાઈ

જિલ્લા માહિતી કચેરી હિંમતનગર ખાતે કાર્યરત આ સેન્ટરમાં ટેલિવિઝન ગોઠવવામાં આવ્યા છે. આ ટેલિવિઝનમાં સ્થાનિક, રાજ્ય લેવલ તેમજ રાષ્ટ્રીય લેવલની ન્યુઝ ચેનલમાં સાબરકાંઠા જિલ્લાને લગતી ચૂંટણીલક્ષી બાબતો પર ખાસ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. અને આદર્શ આચારસંહિતાનો ભંગ કરતી હોય તેવી બાબતો પર ચાંપતી નજર રાખી નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી થાય તે માટેની કામગીરી આ સેન્ટર પર કરવામાં આવે છે. જેનો રીપોર્ટ એમ.સી.એમ.સી સમિતિમાં સમયાંતરે રજૂ કરવામાં આવે છે.

મિડીયા સેન્ટર અને એમ.સી.એમ.સી. સેન્ટર ચૂંટણીની પૂરી પ્રક્રિયા દરમિયાન સતત કાર્યરત રહેશે. પત્રકારોને પ્રેસ બ્રીફીંગ નિયમિત અને સમયસર મળી રહે તે માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમજ વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીલક્ષી વિગતો, મતદારોની યાદી, વિધાનસભા બેઠકો, નોડલ ઓફિસરશ્રીની વિગતો, ગત વિધાનસભાના વિજેતા ઉમેદવારો સહિત સામાન્ય ચૂંટણીને લગતી તમામ બાબતોનું પેનલ નિદર્શન કરવામાં આવ્યું છે. જેના દ્વારા પત્રકારોને ચૂંટણીલક્ષી વિવિધ માહિતી મળી રહેશે.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામકશ્રી અરવિંદભાઈ મછાર, નાયબ ચૂંટણી અધિકારી સુશ્રી દિપ્તિ પ્રજાપતિ, ચૂંટણી મામલતદારશ્રી કચોટ, સિનિયર સબ એડિટરશ્રી હરીષ પરમાર મોટી સંખ્યામાં પત્રકારો મિત્રો સહિત જિલ્લા માહિતી કચેરીનો અને ચૂંટણી શાખાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.





#### હરસોલ ખાતે એકસો એકમો અન્નકૂટ મહોત્સવ ઉજવાયો

તલોદ તાલુકાના હરસોલ ખાતે આવેલ હરસોલા વણિક સમાજના આસ્થાનું પ્રતીક એવા શ્રી ગોવર્ધન નાથજી હવેલી હરસોલ ખાતે ગોવર્ધન નાથજી ભગવાનનો એકસો એક મો અન્નકૂટ મહોત્સવ યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈ બહેનો ઉપસ્થિત રહી પરમ પૂજ્ય મધુસૂદન લાલ જી એ ઉપસ્થિત રહી વચનામૃતનો લાભ લઈ મહાપ્રસાદનો લાભ લીધો હતો સમગ્ર મહોત્સવ નું સફળ અને ભવ્ય આયોજન ગોવર્ધન નાથજી હવેલી હરસોલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ દિલીપ ભાઈ શાહ, મંત્રી સુરેશ ભાઈ શાહ સહિતની ટીમે કર્યું હતું.

# મોડાસામાં યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોહલ્લા ક્લિનિકનો પ્રારંભ કરાયો



મોડાસા, તા. ૧૪

મોડાસા શહેરમાં લઘુમતી વિસ્તારમાં યુવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક અને સામાન્ય દર્દીઓને ૧૦ રૂપિયાના ખર્ચે આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી ઘોરી ચોકમાં હજીયાણી આમેના ક્લિનિકને હાજી યુસુફ મેઘરજી અને શહેરના ખ્યાતનામ ફિઝિશિયન ડૉ.જમીલ ખાનજીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે શહેરના પ્રતિષ્ઠિત તબીબો અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

એક પ્રયત્ન તંદુરસ્ત સમાજ માટેના સ્લોગન સાથે ખુલ્લા મુકાયેલ મોહલ્લા ક્લિનિકનું ભગીરથ કાર્ય કરનાર યુવા ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ નઈમભાઈ મેઘરેજી, ઉપપ્રમુખ સાજીદ ભાઈ ખાનજી, સેક્રેટરી સરફરાઝ ભાઈ મેઘરેજી, સમગ્ર યુવા ગ્રુપ તેમજ મેઘરેજી પરિવારના તમામ સભ્યોની લોકોએ ભારે સરાહના કરી હતી હાલ મોંઘીદાટ આરોગ્ય લક્ષી સેવાઓમાં નિઃશુલ્ક અને ફક્ત ૧૦ રૂપિયાના ટોકન ચાર્જે શરૂ થયેલ ક્લિનિક અનેક લોકો માટે આશીર્વાદ સમાન બની રહેશે

# ડીસા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સંજય ગોવાભાઈ રબારીએ વિજય મુહૂર્તમાં ફોર્મ ભર્યું

ડીસા, તા.૧૪

ભારતીય કોંગ્રેસ પાર્ટીએ બનાસકાંઠા જિલ્લાની મહત્વની ગણાતી ડીસા બેઠકના ઉમેદવાર તરીકે યુવાન અને સર્વસંમત સંજયભાઈ ગોવાભાઈ દેસાઈનું નામ જાહેર કરતા તેમના સમર્થકો, કોંગ્રેસ કાર્યકરો અને બહોળા મિત્ર વર્તુળમાં ખુશીનો માહોલ ફેલાયો છે. તેઓ હાલમાં ડીસા સહિત ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે.જ્યાં તેમને આવકાર સાંપડી રહ્યો છે. તેઓએ મોટી સંખ્યાંમાં સમર્થકો -કાર્યકરો સાથે ડીસાના વંદના પાર્ટી પ્લોટ ખાતે બેઠક કરી નાયબ કલેકટર ખાતે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારી પત્રક રજૂ કર્યું હતું. વંદના પાર્ટી પ્લોટ ખાતે નામાકન ફોર્મ પહેલા વિશાળ જનસભા રાખવામાં આવી હતી. જેમાં મોટી જનમેદની ઉમટી પડી હતી. આ જનસભામાં બનાસકાંઠા જિલ્લાના તમામ સીટીગ ધારાસભ્ય તથા તમામ વિધાનસભાના ઉમેદવારો સાથે દિયોદર બેઠક પર ઉમેદવારી નોંધાવનાર ગીરીરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. તમામનું ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ વિવિધ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો તથા સમર્થકોનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ વિસ્તારોમાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારો દ્વારા ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કરીને જણાવ્યું હતું કે અગાઉ સંજયભાઈના પિતા ગોવાભાઈ રબારી પણ ડીસા ધારાસભ્ય તરીકે ત્રણ વખત ચૂંટાઈ આવ્યા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન ડીસાના ગામે ગામ તેમના કામ બોલે છે.તેથી તેમના કામોને યાદ કરી આજે પણ જનમેદની તેમને આવકારવા સ્વયંભૂ ઉમટી પડી હતી.અને ઉપસ્થિત જન્મેદનીએ ’સંજયભાઈના વિજય ’ ના નારા લગાવ્યા હતા. યુવા ચહેરો અને વિકાસના વિઝન સાથે સંજયભાઈએ ચૂંટણી જંગમાં જંપલાવ્યું છે તેમજ ૨૦૨૨ માં સંજયભાઈ દેસાઈ જીતનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. જ્યારે મંચસ્થ મહાનુભાવો અને રિપીટ ઉમેદવારો દ્વારા સંજય ગોવાભાઈ રબારીને જંગી બહુમતીથી જીતાડવા મતદારોને આહ્વાન કર્યું હતું. જેમાં વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પણ જંગી લીડથી જીતાડવા મતદારોને આહ્વાન કર્યું હતું.



# પુનાસણ ગામે શ્વાનનું મૃત્યુ થતાં માનવ મૃત્યુની જેમ અંતિમવિધિ કરાઈ..



ગાંભોઈ, તા.૧૪

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના પુનાસણ ગામે અબોલા જીવ એવા શ્વાનનું લાંબી ઉંમરે મૃત્યુ થતા અબોલા જીવની સેવામાં અગ્રેસર રહેતી શ્રવણ સુખધામ સંસ્થા અને સ્થાનિક અબોલા જીવ પ્રેમીઓ દ્વારા અંતિમ શ્વાસ લેનાર વફાદાર શ્વાનની અંતિમ વિધિમાં માનવ મૃત્યુની જેમ સ્નાન કરાવી, તિલક-પુષ્પથી વધાવી, એક પલંગ પર રાખી હાર-કફન અર્પણ કરી માનવ જીવ ની જેમ કાંધ આપી સ્મશાન યાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ એસ.કે.ગુર્જ્જરની ઉપસ્થિતિમાં ગામના જીવદયા પ્રેમી અરવિંદભાઈ પ્રજાપતિ, મહેશભાઈ પાંડોર, હેમંતભાઈ પ્રજાપતિ, દીપકભાઈ પ્રજાપતિ વગેરે ગામ અગ્રણીઓએ શ્વાનની વૈદિક વિધિ અનુસાર અંતિમ ક્રિયા કરી દફનવિધિ કરવામાં આવી હતી. એક અબોલા જીવના મૃતદેહનો મલાજો સાચવી કરાયેલ અંતિમવિધિ સમયે ગ્રામજનોએ અબોલા જીવ પ્રત્યે ભીના હૈયે શોકની લાગણી વ્યક્ત કરી હતી.



પ્રાંતિજ વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ગજેન્દ્ર સિંહ પરમાર ની પુનઃ પસંદગી કરવા માં આવતા કાર્યકરો ટેકેદારો માં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ પરમાર ના ચૂંટણી પ્રચાર માં તલોદ શહેર ભાજપ સંગઠન અને મહિલા મોરચા દ્વારા તલોદ શહેર ખાતે માર્કેટ યાર્ડ થી મુખ્ય બજાર માતાજી ના ચોક વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર ના શ્રીગણેશ કર્યા હતા જેમાં તલોદ શહેર ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ શ્રીમતી રચના ગાંધી, કોર્પોરેટર દીપા બેન,કલ્પના બેન શાહ ઉપપ્રમુખ વસુમતી શાહ સિનિયર નેતા વિનુ ચૌહાણ યુવા મોરચા સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ પરમાર ના પ્રચાર કાર્ય માટે જોડાયા હતા. આ પ્રસંગે રચના બેન ગાંધી એ જણાવ્યું હતું કે મંત્રી શ્રી ના તલોદ ખાતે ના કાર્યાલય નું ઉદઘાટન આગામી પંદર તારીખે ટી આર ચોકડી પાસે આવેલ ભવાની કોમ્પ્લેક્ષ ખાતે યોજાનાર છે જેમા મોટી સંખ્યામાં કાર્યકરો અને ટેકેદારો સરપંચો ને ઉપસ્થિત રહેવા માટે અપીલ કરી હતી



## VHP ગાંભોઈ પ્રખંડના અધ્યક્ષ પદે નિમણૂક..

ગાંભોઈ, તા.૧૪

વિશ્વ હિન્દુ પરિષદના ગાંભોઈ પ્રખંડ હેઠળના ૯૬ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં વિશ્વ હિન્દુ પરિષદના સંગઠનને મજબૂત, અસરકારક અને પરિણામલખી બનાવવા તેમજ હિન્દુ ધર્મ જાગૃતિ માટે વિશ્વ હિન્દુ પરિષદના નેજા હેઠળ ગાંભોઈ પ્રખંડના અધ્યક્ષ પદે હિંમતનગર તાલુકાના પુનાસણના વતની ગુણવંતસિંહ અમરસિંહ સિસોદિયાની જિલ્લા વી.એચ.પી.ના પદાધિકારીઓ દ્વારા સર્વાનુમતે વરણી કરવામાં આવતા કાર્યકર્તાઓમાં આનંદની લાગણી પ્રસરી છે.